NILA SPACES LIMITED

*NSL/CS/2020/35*
Date: July 31, 2020

To,
The Department of Corporate Services
**BSE Limited**
Phirozee Jeejeebhoy Tower,
Dalal Street, Fort,
Mumbai - 400 001

**Scrip Code: 542231**

To,
The Listing Department
**National Stock Exchange of India Limited**
Exchange Plaza, Plot no. C/1, G Block,
Bandra-Kurla Complex, Bandra (E),
Mumbai - 400 051

**Scrip Symbol: NILASPACES**

**Dear Sir,**

**Reg: Submission of Newspaper Advertisement published for Intimation of Board Meeting to be held on Wednesday, August 05, 2020**

Pursuant to Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we are hereby submitting copy of newspaper advertisement published in the Business Standard-English and Loksatta Jansatta-Gujarati edition dated July 31, 2020 regarding the intimation of Board Meeting to be held on Wednesday, August 05, 2020.

Please take the same on your record and acknowledge the receipt.

Thanking you,
Yours faithfully,
**For, Nila Spaces Limited**

NILA SPACES LTD. AHD

**Gopi Dave**
**Company Secretary**
**M. No.: A46865**

*Encl: a/a*

Address : 1st Floor, Sambhaav House, Opp. Chief Justice's Bungalow, Bodakdev, Ahmedabad-380015.
P : +91 79 4003 6817 / 18, 2687 0258 | E : info@nilaspaces.com | W : www.nilaspaces.com | CIN : L45100GJ2000PLC083204

### ચુસ્ત લોકડાઉન અંતે શરૂ થયેલા અનલોકના ત્રીજા તબક્કામાં રાજ્યમાં વધુ છૂટછાટો જાહેર કરતી સરકાર

# ૧ લીથી રાત્રી કરફયુ રદ : હોટલો-રેસ્ટોરાં રાત્રે ૧૦ સુધી ચાલુ

## કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા અને એસઓપી મુજબ રાજ્યમાં જીમ અને યોગ સેન્ટર પાંચમી ઓગસ્ટથી ખોલી શકાશે

ગાંધીનગર,તા.૩૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને અને નાયબ મુખ્યમંત્રી નીતિન ભાઈ પટેલની ઉપસ્થિતિમાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં અનલોક-૩ સંદર્ભમાં ભારત સરકારે જાહેર કરેલી ગાઈડ લાઈન્સના અનુસંધાને ગુજરાત માટે કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠક માં લેવાયેલા નિર્ણયો અનુસાર મુખ્યમંત્રીએ રાજ્યમાં ૧ ઓગસ્ટ થી રાત્રી કર્ફ્યુમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવાની જાહેરાત કરી છે.રાજ્યમાં દુકાનો ૮ વાગ્યા સુધી તેમજ હોટલ રેસ્ટોરન્ટ રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રાખી શકાશે.કેન્દ્ર સરકાર ની માર્ગદર્શિકા અને એસઓપી મુજબ રાજ્યમાં જીમ અને યોગ સેન્ટર ૫મી ઓગસ્ટ થી ખોલી શકાશે. આ સિવાયની અન્ય બાબતો માટે કેન્દ્ર સરકારની પ્રવર્તમાન ગાઈડ લાઈન્સને રાજ્ય સરકાર અનુસરશે એમ પણ બેઠકમાં નિર્ધારિત કરવામાં આવ્યું હતું.



અત્રે જણાવવાનું કે ગઈ કાલે એટલે બુધવારે કેન્દ્ર સરકાર દ્વારા અનલોક-૩ની માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી. જે મુજબ અનેક છૂટછાટ વધારાઈ છે. ગૃહ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા દિશા-નિર્દેશોમાં ૫ ઓગસ્ટથી જીમ ખોલવાની પરવાનગી આપી છે. સાથે જ સરકારે નાઈટ કર્ફ્યૂને હટાવી દીધો છે. મેટ્રો, રેલ અને સિનેમાઘર પર પાબંધી યથાવત રહેશે. સરકારે કહ્યું કે સ્વતંત્રતા દિવસના કાર્યક્રમ સોશિયલ ડિસ્ટેંસિંગ સાથે યોજવામાં આવશે. આ ઉપરાંત અન્ય સ્વાસ્થ્ય પ્રોટોકોલનું પાલન કરવું પડશે. જેમ કે માસ્ક પહેરવું. ગૃહ મંત્રાલયે જણાવ્યું કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સાથે વ્યાપક ચર્ચા કર્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે કે સ્કૂલ કોલેજ અને કોંચિંગ સંસ્થા ૩૧ ઓગસ્ટ સુધી બંધ રહેશે.

વંદે ભારત મિશન હેઠળ સીમિત સંખ્યામાં આંતરરાષ્ટ્રીય હવાઈ યાત્રાને પરવાનગી આપવામાં આવી છે.

આંતરરાષ્ટ્રીય ઉડાનોને લઈને સરકાર પછી નિર્ણય લેશે. કન્ટેઈન્મેન્ટ ઝોનમાં ૩૧ ઓગસ્ટ સુધી લોકડાઉનનું કડકાઈપૂર્વક લાગૂ કરવાનું યથાવત રહેશે. નિર્માણ ગતિવિધિઓ ચાલશે પરંતુ સામાજિક અંતર અને માસ્કનું પાલન કરવું પડશે. આ ગાઈડલાઈન્સ તમામ જિલ્લા કલેક્ટરો અને રાજ્ય સરકારોની વેબસાઈટો પર જાહેર કરવામાં આવશે. મેટ્રો રેલ, સિનેમા હોલ, સ્વિમિંગ પૂલ, થિયેટર, બાર, ઓડિટોરિયમ, એસેંબલી હોય પહેલાંની માફક બંધ રહેશે. સરકારે જે છૂટ આપી છે તે કંન્ટેનમેંટ ઝોનથી બહાર માટે આપી છે. કન્ટેનમેંટ ઝોનમાં પાબંધી યથાવત રહેશે.

### જાણો શું ખુલ્લું રહેશે અને શું બંધ?

- સમગ્ર રાજ્યમાં ૧ ઓગસ્ટથી રાત્રિ કરફ્યુમાં મુક્તિ
- દુકાનો ૮.૦૦ વાગ્યા સુધી જ ખુલ્લી રહેશે
- જિમ અને યોગ સેન્ટરો ૫ ઓગસ્ટથી ખુલશે
- હોટલ-રેસ્ટોરાં ૧૦ વાગ્યા સુધી જ ખુલ્લાં રહેશે
- કેન્દ્રનો કયા સ્થળો પર પ્રતિબંધ અને કોના પર નહીં?
- મેટ્રો, રેલ્વે, સિનેમા હોલ, સ્વિમિંગ પુલ, ઓડિટોરિયમ, એસેમ્બલી હોલ અને થિએટરો પર પ્રતિબંધ
- સ્કૂલો, કોલેજો, કોચિંગ સંસ્થાઓ ૩૧ ઓગસ્ટ સુધી બંધ રહેશે.
- જિમ અને અખાડાઓને ૫ ઓગસ્ટ ૨૦૨૦થી ખોલવાની મંજૂરી

### શાળા સંચાલકોને પડકારાતા ગુજરાત હાઈકોર્ટ દ્વારા રાજ્ય સરકારની ઝાટકણી

# ઓનલાઈન શિક્ષણ યોગ્ય : વાલીઓને ફી ભરવામાં રાજ્ય સરકાર મદદ કરે

અમદાવાદ,તા.૩૦

મહામારી કોરોનાને કારણે હાલ રાજ્યની તમામ સ્કૂલો બંધ હોવાથી વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. પરંતુ છેલ્લા થોડા સમયથી આ અંગે વિવાદ શરૂ થયો છે. ઓનલાઈન શિક્ષણ અંગે આજે ગુજરાત હાઈકોર્ટે સુનાવણી કરતા કહ્યું કે, ઓનલાઈન શિક્ષણનો નિર્ણય યોગ્ય છે. વાલીઓને ફી ભરવામાં તકલીફ હોય તો રાજ્ય સરકાર કેમ મદદ નથી કરતી? સરકાર આ મામલે યોગ્ય માળખું ઉભું કરે તો આવા પ્રશ્નો ના ઉપસ્થિત થાય. જ્યારે અરજદારે કહ્યું કે, સરકારનું વલણ શંકાસ્પદ છે.



કોર્ટે ફી મુદ્દે સરકારના વલણને પ્રથમ દર્શનીય રીતે ગેરવ્યાજબી ગણાવ્યું છે. આવતીકાલ કોર્ટ આ મામલે અંતિમ નિર્ણય લઈ શકે છે. છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી રાજ્યના શાળા સંચાલકોએ ઓનલાઈન શિક્ષણના નામે વાલીઓ પાસે ફી લેવાનું શરૂ કર્યુ હતું. આ મામલે અનેક વાલીઓએ સરકારમાં રજૂઆતો કરી હતી પરંતુ સરકાર પણ ચૂપ બેઠી હતી. જ્યારે વાલીઓ બિચારા બનીને સંચાલકોના દબાણમાં ફી અને ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા કરી હતી. શાળા સંચાલકો દ્વારા ફી માટે ભારે દબાણ થતા કેટલાક વાલીઓએ હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. હાઈકોર્ટમાં થયેલી આ અરજી પર સુનાવણી દરમિયાન રાજ્ય સરકારે ગુજરાત હાઈકોર્ટમાં રજૂઆત કરી હતી કે,

સરકાર કેન્દ્રીય વિભાગો તરફથી જાહેર થયેલી માર્ગદર્શિકાને અનુસરશે. વાસ્તવિક રીતે સ્કૂલો શરૂ ન થાય ત્યાં સુધી કોઈ પણ સ્કૂલ ફી લઈ શકશે નહીં. પ્રાઈમરીમાં બાળકો માટે રીસેસ સાથેના બે સેશન રાખવા તાકીદ કરી છે. ત્યાર બાદ રાજ્ય સરકારે ખાનગી સ્કૂલોના વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાનો નિર્ણય કર્યો હતો. સરકારના આ નિર્ણય બાદ ખાનગી સ્કૂલોએ વિદ્યાર્થીઓનો અભ્યાસ ન બગડે તે માટે સોમવારથી ઓનલાઈન શિક્ષણ ફરી શરૂ કરી દેવાની જાહેરાત કરી હતી. ત્યાર બાદ ૨૭ જુલાઈથી ફરી ઓનલાઈન એજ્યુકેશન આપવાની શરૂઆત કરવામાં આવી હતી.

### શહેરમાં મોટાભાગની શાળાઓ રમતનું મેદાન નહીં ધરાવતી હોવાના કડવા સત્ય વચ્ચે

# તમામ સરકારી-ખાનગી શાળાઓને બે દિવસમાં પોતાના મેદાનોની માહિતી આપવાનો આદેશ

## ડી.ઈ.ઓ દ્વારા મેદાન ન ધરાવતી ખાનગી શાળાઓને નોટિસ આપી કાર્યવાહી કરાશે

વડોદરા,તા. ૩૦

લોકડાઉનને કારણે વાલીઓની કથળતી હાલત જોઈને સરકાર દ્વારા ફી અંગે રાહત આપવામાં આવી હતી. જેને લઈને સ્વનિર્ભર શાળાઓ નિરાશ થતા તેમણે ઓનલાઈન શિક્ષણ બંધ કર્યું હતું. સ્વનિર્ભર શાળાઓના આ પ્રકારના વલણને કારણે ઓનલાઈન શિક્ષણ પુનઃ શરુ થયું તે અગાઉ જ સરકાર દ્વારા તમામ શાળાઓમાં નિયત કદ ધરાવતા રમતગમતના મેદાનો હોવા ફરજીયાત કરી દીધા હતા. સરકારના આદેશ બાદ વડોદરા ડી.ઈ.ઓ દ્વારા શહેરની તમામ સરકારી અને ખાનગી શાળાઓને બે દિવસમાં પોતાના મેદાનો અંગેની માહિતી પહોંચાડવા માટેનો આદેશ કરાયો છે. છેલ્લા એક અઠવાડિયામાં શાળાઓ અંગે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયોથી સરકાર હવે રાજ્યની ખાનગી શાળાઓ સામે આક્રમક મૂડમાં હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં રાજ્ય સરકારે ખાનગી શાળાઓને આદેશ આપ્યો હતો કે જ્યાં સુધી શાળાઓ ખોલવામાં નહીં આવે ત્યાં સુધી બાળકો પાસેથી કોઈ ફી લેવામાં આવશે નહીં. જ્યારબાદ સરકારે જે શાળાઓને મેદાન નથી તે શાળાઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો હતો. પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા તમામ ડીઈઓ-ડીપીઓને મેદાન ન હોય તેવા શાળાઓના સંચાલકોને નોટિસ ફટકારવા અને જમીનની વ્યવસ્થા કરવા આદેશ આપ્યો હતો. જેના કારણે ગ્રાઉન્ડ ન ધરાવતી શાળાઓના સંચાલકોમાં ગભરાટ ફેલાયો હતો. આ આદેશ મુજબ આજરોજ વડોદરા શહેરની તમામ ખાનગી અને સરકારી શાળાઓને પોતાને ત્યાં ઉપલબ્ધ રમતગમતના મેદાનો અંગેની માહિતી ડી.ઈ.ઓ કચેરીને મોકલવાનો આદેશ કર્યો છે.

નિયમ મુજબ, શહેરી વિસ્તારોમાં આવેલી શાળાઓમાં ૮૦૦ ચોરસમીટર હોવી જોઈએ અને ગ્રામીણ શાળાઓમાં ૧૫૦૦ ચોરસમીટર હોવું અનિવાર્ય છે. શહેર જિલ્લાની જે શાળાઓ પાસે વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે રમતગમતનું મેદાન ન હોય તેઓને જમીન સંપાદન માટે ડી.ઈ.ઓ કચેરી તરફથી મદદ કરવામાં આવશે.

### કોરોના સંક્રમિત બનેલા અને હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા

# જી.એન.એફ.સી.ના સિનિ. મેનેજર અને નિવૃત્ત શિક્ષક સહિત ૨૧ દર્દીઓના મોત

## નવા વધુ ૯૬ કોરોના પોઝિટિવ કેસો નોંધાતા દર્દીઓની કુલ સંખ્યા ૪૫૭૨ થઇ



વડોદરા, તા.૩૦

વડોદરા શહેર-જિલ્લામાં નિરંકુશ બનેલા જીવલેણ કોરોનાએ આજે નિવૃત્ત શિક્ષક, જી.એન.એફ.સી.ના સિનિ. પૂર્વ મેનેજર, બી.એસ.એન.એલ.ના કર્મચારી તથા પી.ડબલ્યુ.ડી.નાં નિવૃત્ત અધિકારી સહિત ૨૧ દર્દીઓ કોરોનાની સારવાર દરમિયાન કાળનો કાળીયો બન્યા હતા. આ સાથે નવા વધુ ૯૬ કોરોના પોઝિટિવ કેસો સાથે આવતા પોઝિટિવ દર્દીઓનો કુલઆંક ૪૫૭૨ પર પહોંચ્યો હતો. ડેથ ઓડિટ કમિટિ દ્વારા કોરોનામાં દર્દીઓનો મૃત્યુંઆંકમાં સતત વધારો થતાં કુલ દર્દીઓ મૃત્યુ સંખ્યાં ૮૭ પર પહોંચી હતી. હાલના સારવાર લઈ ચૂકેલા ૧૦૨૯ દર્દીઓ પૈકી ૮૬૩ સ્ટેબલ, ૧૪૩ ઓક્સિજન પર તથા ૫૦ દર્દીઓ વેન્ટીલટર પર હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો એ જણાવ્યું હતું. તદ્ ઉપરાંત સાંજ સુધીમાં ૮૦૯ સેમ્પલો લેવામાં આવ્યા હતા જેમાં ૯૬ પોઝિટિવ અને ૭૧૧ નેગેટિવ રીપોર્ટ આવ્યા હતા. ૩૧ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર સાવલી તાલુકાના મોકસી ગામે રહેતાં અને જી.એન.એફ.સી. માં સિનિ. મેનેજર તરીકે નિવૃત્ત થયેલા ૭૫ વર્ષીય વૃદ્ધ કોરોના સંક્રમિત બન્યા હતા. તેમને શહેરના દાંડીયાબજારમાં આવેલ ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા હતા. જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યું થયું હતું.

શહેર નજીક આવેલ પોર ગામ નજીકના બ્રહ્મપુરા ફલિયામાં રહેતાં અને બી.એસ.એન.એલ.ના પૂર્વ કર્મચારી ઉ.વ.૭૭ વર્ષના વૃધ્ધ તાવ, ખાંસી તથા હાર્ટની તકલીફની સારવાર માટે શહેરના પાણીગેટ વિસ્તારની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા હતા. જ્યાં તેમનો કોરોના ટેસ્ટ કરાવતા રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. તે બાદ દર્દીની સઘન સારવાર હાથ ધરી હતી. દરમિયાન તેમનુ મોત થયું હતું. ભરૂચ ટાઉનના નર્મદા એપાર્ટમેન્ટમાં રહેતા અને પી.ડબલ્યુ.ડી. વિભાગમાંથી બે ત્રણ વર્ષ અગાઉ જ નિવૃત્ત થયેલા ૬૫ વર્ષના કર્મચારી કોરોના સંક્રમિત બન્યા. તેને ભરૂચ સિવિલ હોસ્પિટલમાંથી વધુ સારવાર અર્થે અત્રેની સયાજી હોસ્પિટલના કોરોના કોવિડ સેન્ટરમાં રીફર કર્યા હતા. જ્યાં તબીબોએ કોવિડની સારવાર હાથ ધરી હતી. દરમિયાન દર્દીનું મોત થયું હતું. કાલોલ તાલુકાના અડાદરા ગામે રહેતા નિવૃત્ત શિક્ષક કોરોનાની અસર હેઠળ આવ્યા બાદ તેમને શહેરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કર્યા હતા. તેમનો રિપોર્ટ કોવિડ પોઝિટિવ આવ્યો હતો. તે બાદ તેમની સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

### બે કર્મીઓનો રિપોર્ટ પોઝિટિવ આવતાં વડોદરા પેન્શન ચૂકવણી કચેરી ૧૦ દિવસ માટે બંધ

નર્મદા ભવન સ્થિત સિટી મામલતદાર કચેરી પૂર્વના નાયબ મામલતદારનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં મામલતદાર કચેરી અને જનસેવા કેન્દ્ર તા.૪થી ઓગષ્ટ સુધી બંધ કરવામાં આવ્યું છે. ત્યારે કુબેર ભવન સ્થિત પેન્શન ચુકવણી કચેરીના બે કર્મચારીઓનો રિપોર્ટ પોઝિટિવ આવતાં કચેરીમાં લોકોની અવર જવર પર ૧૦ દિવસ નિયંત્રણો મુકવામાં આવ્યા છે. તિજોરી અધિકારી (પેન્શન) ચુકવણાં કચેરી, વડોદરાના બે કર્મચારીઓનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવેલ હોવાથી કચેરીની મુલાકાતે આવતાં પેન્શનરો, અરજદારો માટે ૧૦ દિવસ માટે આ કચેરીની મુલાકાત અનિવાર્ય સંજોગે ન લેવા આપીલ કરવામાં આવી છે. તેમ તિજોરી અધિકારી (પેન્શન), વડોદરાએ એક યાદીમાં જણાવાયું છે.

શહેરના હરણી રોડ પર આવેલ ઈન્દપુરી સોસાયટીમાં રહેતા ૮૪ વર્ષીય વૃધ્ધાને કીડનીની તકલીફ ઉભી થતાં તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં મહિલાનો કોરોના ટેસ્ટ કરાવતા રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. દર્દીની સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. સયાજીપુરા મહિપાર્કમાં રહેતાં અને કેન્દ્રીય મિનિસ્ટ્રી વિભાગમાં એકાઉન્ટ તરીકે નિવૃત્ત થયેલા ૬૯ વર્ષના વૃધ્ધ તથા તેમના પુત્ર કોરોના સંક્રમિત બન્યા હતા. બંનેને કોરોનાની અર્થે ગોત્રી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જેમાં પિતાનું સારવાર દરમિયાન મોત થયુ હતું. જ્યારે પુત્રની સારવાર ચાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગોત્રી જય યોગેશ્વર નગરમાં રહેતા ૩૯ વર્ષીય યુવાનને શંકાસ્પદ કોરોનાના લક્ષણ સાથે કોવિડની સારવાર આપતી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો.

ગોરવા લક્ષ્મીપુરા નજીક સ્વામી વિવેકાનંદ હાઈટ્સ ખાતે રહેતાં ૪૭ વર્ષીય વ્યક્તિ કોરોનાથી સંક્રમિત થયા હતા. તેઓ ગોત્રિ હોસ્પિટલમાં દાખલ થયા હતા. તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સારવાર દરમિયાન મરણ થયું હતું. મધ્ય પ્રદેશના જાંબુવા તાલુકાના રાનપુર ગામે રહેતા ૬૦ વર્ષીય વૃધ્ધ કોરોના સંક્રમિત થતા તેમને સારવાર માટે સંગમ ચાર રસ્તા પાસે આવેલ ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. જ્યાં તેમનું મરણ થયું હતું.

સેવાસી વાજપાયી નગર ખાતે રહેતા ૫૩ વર્ષીય મહિલા કોરોનાથી સારવાર માટે સયાજી હોસ્પિટલમાં દાખલ થયાં હતા. જ્યાં તેણીનું મૃત્યું થયું હતું. છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના રાયપુરા ગામે બારીયાવગોમાં રહેતાં ૬૫ વર્ષીય વૃધ્ધ શરદી ખાંસી જેવી સામાન્ય બિમારીની સારવાર માટે ગોત્રી હોસ્પિટલ ખાતે આવ્યા હતાં. જ્યાં તેમનો કોરોના રિપોર્ટ આવે તે પૂર્વે જ તેમનું મોત થયું હતું.

વાઘોડિયા તાલુકાના આસોજ ગામે રોડ ફળિયામાં રહેતાં ૭૦ વર્ષીય વૃધ્ધ કોરોના સંક્રમિત બન્યા હતા. તેઓ સયાજી હોસ્પિટલમાં દાખલ થયા હતા. તેમનો કોરોના રિપોર્ટ આવે તે અગાઉ મોતને ભેટ્યાં હતા. આ તમામ મૃતકોની અંતિમ વિધિ શહેરના અલગ-અલગ સ્મશાનમાં કોરોનાની સરકારી પ્રોટોકોલ મુજબ કરવામાં આવી હતી.

### ગોત્રી હોસ્પિટલમાં માનસિક રોગની સારવાર કરાવીને ઘરે જવા માટે નીકળેલી યુવતી અચાનક માનસિક આવેગમાં આવતા સ્ટેશન પહોંચી હતી

# માનસિક વિકલાંગ યુવતીનું અપહરણ : બળાત્કારની શંકા

## ચકલી સર્કલ પાસે ટ્રાફિક જામમાં રિક્ષા ચાલક યુવતીને લઈને ફરાર : યુવતી અમિતનગરમાં મળતા ટીમ અભયમે ઘરે પહોંચાડી

વડોદરા, તા.૩૦

ગોત્રી હોસ્પિટલમાં માનસિક રોગની સારવાર કરાવીને ઘરે જવા માટે નીકળેલી યુવતી અચાનક માનસિક આવેગમાં આવતા સ્ટેશન પહોંચી હતી. પરિવારજનો તેને સ્ટેશનથી શોધી કાઢતા યુવતીએ રિક્ષામાં એકલી જ બેસવાની જીદ કરતા પરિવારજનોએ રિક્ષાચાલકને દિવાળીપુરા અતિથિગૃહ પાસે પહોંચવાનું કહી તેઓ અન્ય વાહન પર રિક્ષાની પાછળ રવાના થયા હતા. જોકે રિક્ષાચાલક યુવક ચકલી સર્કલ પાસે ટ્રાફિક જામનો લાભ લઈ યુવતીનું અપહરણ કરી હાલોલ પાસે ધાબાડુંગરી ખાતે લઈ ગયો હતો અને તેની પર બળાત્કાર ગુજારીને તેને આજે સવારે કારેલીબાગમાં છોડી ગયો હતો.



યુવતીને અભયમ ટીમ દ્વારા તેના ઘરે પહોંચાડવામાં આવતા આ સમગ્ર બનાવની ગોત્રી પોલીસને જાણ કરાઈ હતી. દિવાળીપુરાની એક સોસાયટીમાં રહેતા બ્રાહ્મણ પરિવારની ૨૦ વર્ષીય યુવતી નેહા છેલ્લા પાંચેક વર્ષથી અચાનક માનસિક રોગનો હુમલો થતો હોઈ તે અસામાન્ય વર્તન કરે છે. તેની ગોત્રી જનરલ હોસ્પિટલમાં સારવાર ચાલતી હોઈ ગઈ કાલે સવારે તે પિતા સાથે હોસ્પિટલમાં ગઈ હતી.

ઘરે પરત જતી વખતે તેને માનસિક રોગનો હુમલો થતાં તે દવા લેવા લાઈનમાં ઉભા રહેલા પિતાને છોડીને દવાખાનામાંથી નીકળીને રેલવે સ્ટેશન પથિક ભુવન પાસે પહોંચી ગઈ હતી. બીજીતરફ નેહા કદાચ ઘરે જતી રહી હશે તેમ માની તેના પિતા ઘરે ગયા હતા જ્યાં નેહા ઘરે નહી હોવાની જાણ થતાં તે તેમના પુત્ર સાથે એક્ટિવા પર તેને શોધવા નીકળ્યા હતા અને સ્ટેશન પાસેથી નેહાને શોધી કાઢી હતી. જોકે પિતા-ભાઈને જોતા જ નેહાએ બુમરાણ મચાવી હતી અને મારે તમારી જોડે નથી આવવું તેમ કહીને તે એક રિક્ષામાં એકલી બેઠી હતી. પરિસ્થિતિ પામી નેહાના પિતાએ રિક્ષાચાલકને કહ્યું હતું કે તું મારી પુત્રીને દિવાળીપુરા અતિથિગૃહ પાસે લઈ જા અમે તારી પાછળ જ આવીયે છે. રિક્ષાચાલક નેહાને લઈને નીકળતા તેના ભાઈ-પિતા એક્ટિવા પર રિક્ષાની પાછળ નીકળ્યા હતા. ચકલી સર્કલ પાસે ટ્રાફિક જામ હોઈ તેનો લાભ લઈ રિક્ષાચાલક ત્યાંથી નેહાનું રિક્ષામાં અપહરણ કરીને ફરાર થયો હતો. નેહાના ભાઈ-પિતા દિવાળીપુરા અતિથિગૃહ પાસે લાંબો સમય રિક્ષાની રાહ જોઈ હતી પરંતુ તે નહી આવતા તેઓએ ફરીથી સમગ્ર રોડ પર રિક્ષાની તપાસ કરી હતી પરંતુ તે નહી મળતાં તેઓએ ભાજપા કોર્પોરેટર શંકુતલાબેન મહેતાની મદદથી એસીપી અનિતાબેન વાનાણીનો સંપર્ક કર્યો હતો અને સીસીટીવી કેમેરાના ફુટેજ જોઈ રિક્ષાને ઓળખી બતાવી હતી. પોલીસને જાણ કરતા પોલીસે રિક્ષાનંબરના આધારે તપાસ શરૂ કરી હતી જેમાં નેહાને જીગર દરજી નામનો રિક્ષાચાલક જે હાલમાં હાલોલમાં રહે છે અને તેનું કિશનવાડીમાં પણ મકાન છે તે લઈ ગયો હોવાની પ્રાથમિક વિગતો મળી હતી. દરમિયાન આજે સવારે નેહા કારેલીબાગ અમિતનગર સર્કલ પાસે રડતી જોવા મળતા તેને ૧૮૧-અભયમની ટીમે ઘરે પહોંચાડી હતી. નેહા સવારે સ્વસ્થ થતાં તેણે રિક્ષાચાલક યુવક હાલોલ અને ત્યાંથી ધાબાડુંગરી લઈ ગયા બાદ તેની પર ચાકુની અણીએ બળાત્કાર ગુજાર્યો હોવાનો ઘટસ્ફોટ કરતા ગોત્રી પોલીસે નેહાને મેડિકલ તપાસ માટે મોકલી આપી છે.

### હદની વિવાદમાં નેહાના પરિવારજનોને ધક્કા ખવડાવ્યા

નેહાના પરિવારજનોએ જણાવ્યું હતું કે પહેલા ગોત્રી પોલીસ મથકમાં ગયા હતા પરંતુ નેહાનું અપહરણ સયાજીગંજ પોલીસ મથકની હદમાં થયું છે માટે તમે સયાજીગંજ પોલીસ મથકમાં જાવ તેમ કહીને અમને ત્યાં મોકલ્યા હતા. જોકે સયાજીગંજ પોલીસે ચાર કલાક સુધી બેસાડી રાખ્યા બાદ તમે નેહાના ગુમ થવાની અરજી ગોત્રીમાં આપી છે તો ફરિયાદ ત્યાં જ કરો તેમ કહી ફરી ગોત્રી પોલીસ મથકમાં મોકલ્યા હતા અને આજે આખો દિવસ ધક્કા ખાધા બાદ હવે પોલીસે તપાસ શરૂ કરી છે.

### રિક્ષાનંબર અને નામ મળ્યું છતાં પોલીસ જીગરને શોધી શકી નથી

નેહાના પરિવારજનોએ જણાવ્યું હતું કે પોલીસને નેહાનું અપહરણ કરી જનાર રિક્ષાનો નંબર અને તેના ચાલક જીગર દરજીનું નામ મળ્યું છે. જોકે જીગર કિશનવાડીમાં મકાન ધરાવતો હોઈ તેની ચાલચલગત સારી નથી તેમ પાડોશીઓએ જણાવ્યું હતું. આ ઉપરાંત તેના છુટાછેડા થયા હોવાની અને તેની બહેને અમારા તેની સાથે સંબંધ નથી તેમ જણાવ્યું છે. જોકે આટલી બધી માહિતી હોવા છતાં આજે દિવસ દરમિયાન પોલીસ જીગરને શોધી શકી નથી અને તે ફરાર થાય તેવી શક્યતા છે.

# ૨૦ ઈંચ વરસાદથી વડોદરાને ઘમરોળનાર પૂરને આજે ૧ વર્ષ

વડોદરા,તા.૩૦

વડોદરામાં ગત વર્ષે તા.૩૧મી જુલાઈએ ખાબકેલા ૨૦ ઈંચ વરસાદથી પૂર આવ્યું હતું. જેને આવતીકાલે એક વર્ષ પૂરુ થઈ રહ્યું છે. જોકે, આ વર્ષે હજુ મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ જમાવટ કરી નથી. પરંતુ બપોરે હળવો વરસાદ થતાં લોકોએ ઠંડક થવાથી રાહત અનુભવી હતી. ગત વર્ષે વડોદરામાં તા.૩૦મી જુલાઈએ ઝરમર વરસાદ થયો હતો. જે ધીમી ધારે વરસ્યા બાદ તા.૩૧મી જુલાઈએ બપોરથી ધોધમાર એકધારો ૧૨ કલાક કલાક સુધી વરસતા ૨૦ ઈંચ વરસાદ ખાબકતા આજવામાંથી પાણી છોડવાના સાથે શહેરમાં થયેલા વરસાદને પગલે શહેરના અનેક વિસ્તારોમાં વિશ્વામિત્રીના પૂરના પાણી ફરી વળ્યાં હતાં. અને લોકોને ભારે નુકસાન થયું હતું. જોકે શહેરમાં અનેક વખત પૂરની સ્થિતિ છતાં તંત્ર દ્વારા બહારના આવતા પાણી અટકાવવા કોઈ પગલા લીધા નથી. આજે બપોરે કાળા ડીબાંગ વાદળા ઘેરાયા હતા. જોકે હળવા વરસાદ બાદ રોકાઈ ગયો હતો.

**NILA SPACES LIMITED**
(CIN : L45100GJ2000PLC083204)
Registered Office: 1st Floor, Sambhaav House, Opp. Chief Justice's Bunglow, Bodakdev, Ahmedabad - 380 015.
Phone: +91 79 4003 6817/18 Fax: +91 7930126371
E-mail: secretarial@nilaspaces.com Website: www.nilaspaces.com

**નોટિસ**

આથી નોટિસ જાહેર કરવામાં આવે છે કે રેગ્યુલેશન ૨૯ અને ૪૭, સેબી (લિસ્ટિંગ ઑબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ મુજબ કંપનીના જુન ૩૦, ૨૦૨૦ના રોજ પુરા થતા પ્રથમ ત્રિમાસિક માટે અનઓડીટેડ નાંણાકીય પરિણામો મંજૂર કરવા કંપનીના બૉર્ડ ઑફ ડિરેક્ટર્સની મિટિંગ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ખાતે બુધવાર, ઑગસ્ટ ૦૫, ૨૦૨૦ના રોજ મળી રહી છે.

*તમે કંપનીની વેબસાઈટ www.nilaspaces.com પર અને સ્ટોક ઍક્સચેન્જની વેબસાઈટો www.bseindia.com અને www.nseindia.com પર પણ વધારાની વિગતવાર માહિતી જોઈ શકશો.*

તારીખ: જુલાઈ ૩૦, ૨૦૨૦
સ્થળ: અમદાવાદ

**નિલા સ્પેસિસ લિ.** વતી
કંપની સેક્રેટરી